સુરત મહાનગરપાલિકા
# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેક્સ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: library@suratmunicipal.org

---

એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ,
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય,
અઠવાલાઈન્સ, સુરત.

પ્રથમ અપીલ અરજી
નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧
તા.૦૩/૦૫/૨૦૧૮

અરજદાર : શ્રી અજય કે. પટેલ, સુરત.
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્ક શ્રી બી. એમ. ગજ્જર, ક.ન.મ.પુસ્તકાલય, સુ.મ.પા.

**ફરીયાદની હકીકત :**

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની અરજદાર શ્રી અજય કે. પટેલ, સુરતની તા.૧૯/૦૩/૨૦૧૭ ની અરજી આઈ.ડી.નં.૧૮ અંગે માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૨૧/૦૪/૨૦૧૮.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી અજય કે. પટેલ, સુરતના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની તા.૧૯/૦૩/૨૦૧૮ ની અરજી આઈ.ડી.નં.૧૮ થી જાહેર વાંચનાલયના સંચાલનના કામે રેકર્ડની તપાસણી કરવા તથા માહિતી આપવા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજ્જર, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજ્જર, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારશ્રીને તા.૦૬/૦૪/૨૦૧૮ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૮ થી તા.૧૧/૦૪/૨૦૧૮ના રોજ રેકર્ડની તપાસણી અર્થે હાજર રહેવા જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે અન્વયે અરજદારશ્રી ધ્વારા તા.૧૧/૦૪/૨૦૧૮ના રોજ હાજર રહી, જાહેર વાંચનાલયના સંચાલનના કામના ઈજારદાર ધ્વારા રજુ કરેલ પ્રોવિડંટ ફંડ, ઈ.એસ.આઈ.સી. અને પ્રોફેશનલ ટેક્ષના ચલણો તથા અન્ય તુમારો અને ફાઈલોના રેકર્ડની તપાસણી કરવામાં આવેલ અને ઈજારદારના કર્મચારીની સંપૂર્ણ વિગત તથા બેંક મારફત કરેલ પગારના ચલણોની નકલ તપાસણી અર્થે માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી ધ્વારા વધુમાં વધુ પારદર્શકતા જળવાઈ રહે તે હેતુસર પ્રોવિડંટ ફંડ, ઈ.એસ.આઈ.સી. અને પ્રોફેશનલ ટેક્ષના ચલણો તથા અન્ય તુમારો અને ફાઈલોની તપાસણી કરવા માટે અરજદારશ્રીને આપેલ. જેથી અરજદારશ્રી ધ્વારા તુમારો અને ફાઈલોની તપાસણી કર્યા બાદ કુલ ૫૬ પાનાની નકલની માંગણી કરેલ અને બાકી રહેલ તુમારોની ફરી તપાસણી કરવા બોલાવવા તથા ઈજારદારના કર્મચારીની માહિતી રજુ કરવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રીના તા.૧૨/૦૪/૨૦૧૮ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૮/૧ થી ઈજારદાર આકાર એચ.આર.મેનેજમેન્ટ પ્રા. લિ., સુરત પાસે સદરહુ માહિતી અરજદારશ્રીને આપવી કે કેમ? તે અંગે પુછાવતા, ઈજારદારના તા.૧૩/૦૪/૨૦૧૮ના પત્રથી માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ઘ) અન્વયે કર્મચારીની અંગત માહિતી આપવાનો ઈન્કાર કરતા, જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રીના તા.૧૩/૦૪/૨૦૧૮ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૮/૨ થી અરજદારશ્રીને તા.૨૧/૦૪/૨૦૧૮ના રોજ બાકી રહેલ રેકર્ડની તપાસણી અર્થે હાજર રહેવા તથા તા.૧૩/૦૪/૨૦૧૮ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૧૮/૩ થી કુલ રૂા.૧૪૨/– (૫૬ પાનાની નકલ તથા રેકર્ડ તપાસણીનો ચાર્જ) જમા કરાવવા જણાવેલ.

જે અન્વયે અરજદારશ્રી ધ્વારા તા.૨૧/૦૪/૨૦૧૮ના રોજ હાજર રહી, બાકી રહેલ રેકર્ડની તપાસણી કરવામાં આવતા, વધુ ૦૪ પાના તથા રેકર્ડ તણાસણીનો ચાર્જ કુલ રૂા.૨૪/– જમા કરાવવા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી ધ્વારા જણાવતા, અરજદારશ્રી ધ્વારા સ્ક્રોલ નં.૭૦૦/૯૦, તા.૨૧/૦૪/૨૦૧૮, કુલ રૂા.૧૭૦/– જમા કરાવતા, જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી ધ્વારા કુલ–૬૦ પાનાની નકલ અરજદારશ્રીને રૂબરૂ આપવામાં આવેલ.

જે સંદર્ભે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી ધ્વારા ઈજારદારને પુછયા વગર માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યાના જવાબથી અસંતોષ હોવાનું જણાવી પ્રથમ અપીલ અરજી કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયમાં આપેલ. જે અરજી ઈનવર્ડ નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૨૧/૦૪/૨૦૧૮ થી અત્રે નોંધાયેલ હતી.

..૨..

અરજદારની ઉકત પ્રથમ અપીલ બાબતે અરજદાર શ્રી અજય કે. પટેલ તથા જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજ્જરને એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ, ક.ન.મ.પુસ્તકાલય, સુરતની કચેરીમાં તા.૦૩/૦૫/૨૦૧૮નાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૦૧, તા.૨૭/૦૪/૨૦૧૮ થી જણાવવામાં આવેલ. જેનાં અનુસંધાને ઉકત તારીખે અને સમયે પ્રથમ અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં અરજદારશ્રી અજય કે. પટેલ હાજર રહેલ અને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી.એમ.ગજ્જર, ક.ન.મ.પુસ્તકાલય, સુરત ખાતે હાજર રહેલ.

ઉકત સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા ઈજારદારને પુછયા વગર માહિતી આપવાના ઈન્કારથી અસંતોષ હોવાનું જણાવેલ અને જે બાબતે શ્રી બી. એમ. ગજ્જર, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા વધુમાં વધુ પારદર્શકતા જળવાઈ રહે તે હેતુસર પ્રોવિડંટ ફંડ, ઈ.એસ.આઈ.સી. અને પ્રોફેશનલ ટેક્ષના ચલણોની તપાસણી કરવા માટે અરજદારશ્રીને આપેલ. પરંતુ અરજદારશ્રી ધ્વારા કર્મચારીની માહિતીની વારંવાર મૌખિક માંગણી કરતા, ઈજારદારને લેખિત પત્રથી જાણ કરી, ઈજારદાર ધ્વારા માહિતીનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૮(૧)(ઘ) અન્વયે કર્મચારીની અંગત માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ હોવાની સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂર્તતા કરવામાં આવેલ છે.

આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અંગેની રજુઆત બાબતે શ્રી બી. એમ. ગજ્જર, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી તરફથી મોકલેલ પ્રત્યુત્તર સહ તેઓનો પક્ષ રજુ કરવામાં આવેલ. જયારે અરજદાર પ્રથમ અપીલ અરજીની સુનાવણીમાં હાજર રહયા હતા અને અરજદારશ્રી ધ્વારા ઈજારદારના કર્મચારીઓની માહિતી ઈજારદારને પુછયા વગર માહિતી આપવાના ઈન્કારથી અસંતોષ હોવાનું જણાવેલ હોય અને જે બાબતે જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્ક શ્રી બી. એમ. ગજ્જર ધ્વારા પૂર્તતા કરવામાં આવેલ.

## હુકમ

અરજદારની મૂળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૧, તા.૨૧/૦૪/૨૦૧૮ બાબતે નીચે મુજબનો હુકમ કરી, પ્રથમ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

'અરજદારશ્રી અજય કે. પટેલની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતીઓ પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારશ્રીને જવાબી પત્ર પાઠવવામાં આવેલ હોય તેમજ પ્રથમ અપીલની સુનાવણી દરમ્યાન ઈજારદાર ધ્વારા રજુ કરેલ પત્ર અરજદારશ્રીને રેકર્ડ તપાસણી અર્થે રજુ કરી, પુરક માહિતી પુરી પાડવામાં આવેલ હોય, જે ધ્યાને લેતા પ્રથમ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.'

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર. ટી. આઈ. એકટનાં કાયદાની કલમ ૧૯ (૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન", બ્લોક નં. ૧, બીજોમાળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમથી દિન –૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

સહી/–
(વિ. પી. પીલુદરીયા)
એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૧
તા.૦૩/૦૫/૨૦૧૮

પ્રતિશ્રી,

(૧) ન. ર. : શ્રી અજય કે. પટેલ, ૪૨૧, નીલકંઠ પ્લાઝા, મહાલક્ષ્મી સર્કલ પાસે, યોગી ચોક થી કારગીલ ચોક રોડ, સુરત. પ્રતિ, જાણ સારૂ.....

(૨) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્કશ્રી બી. એમ. ગજ્જર, પ્રતિ, જાણ સારૂ.....

સુરત મહાનગરપાલિકા
# કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય
અઠવાલાઈન્સ, સુરત.
ફોન નં. (૦૨૬૧) ૨૬૬૫૮૭૩, ફેકસ નં. (૦૨૬૧) ૨૬૬૮૪૨૬
URL:www.suratmunicipal.gov.in, e-mail: library@suratmunicipal.org

એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ,
કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય,
અઠવાલાઈન્સ, સુરત.

પ્રથમ અપીલ અરજી
નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨
તા.૦૬/૦૯/૨૦૧૮

અરજદાર : શ્રી પીંકલ પી. ઘીવાળા, સુરત.

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્ક શ્રી બી. એમ. ગજજર, ક.ન.મ.પુસ્તકાલય, સુ.મ.પા.

**ફરીયાદની હકીકત :**

વિષય : રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની અરજદાર શ્રી પીંકલ પી. ઘીવાળા, સુરતની તા.૦૭/૦૭/૨૦૧૮ ની અરજી આઈ.ડી.નં.૩૨૯ (વેસ્ટ ઝોન) અંગે માહિતી મેળવવા બાબત.

સંદર્ભ : અરજદારની પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૦૬/૦૯/૨૦૧૮.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળા, સુરતના એ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ, ૨૦૦૫ હેઠળની તા.૦૭/૦૭/૨૦૧૮ ની અરજી આઈ.ડી.નં.૩૨૯ (વેસ્ટ ઝોન) થી સુરત મહાનગરપાલિકામાં કરાવામાં આવતા ચા–પાણી–નાસ્તા–જમવાના ખર્ચના કામે માહિતી આપવા વેસ્ટ ઝોનમાં આપેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી અને સંકલન આસી. લો ઓફિસરશ્રી, વેસ્ટ ઝોન ધ્વારા તેઓના ઈનવર્ડ નં.૩૨૯, તા.૦૭/૦૭/૨૦૧૮થી નોંધેલ અને તેઓના પત્ર નં.૧૦૮૭, તા.૨૦/૦૮/૨૦૧૮થી સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોન/ખાતાના જાહેર માહિતી અધિકારી સહિત અત્રેના મ્યુનિ. લાયબ્રેરી વિભાગને તબદીલ કરેલ. જે અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./૬૪, તા.૨૪/૦૮/૨૦૧૮ થી અત્રે નોંધાયેલ હતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સીની.કલાર્કશ્રી બી. એમ. ગજજર, ક.ન.મ.પુસ્તકાલય તરફથી અરજદારશ્રીને તા.૧૧/૦૯/૨૦૧૮ના પત્ર નં.ન.મ.પુ./આર.ટી.આઈ./જા./૬૪ થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે સમયમર્યાદા બાદ પણ પૂર્તતા ન કરવા હોવાનું જણાવી **પ્રથમ અપીલ અરજી** વેસ્ટ ઝોનમાં આપેલ. જે અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, વેસ્ટ ઝોન ધ્વારા તેઓના ઈનવર્ડ નં.૧૬૨, તા.૧૩/૦૮/૨૦૧૮થી નોંધેલ અને તેઓના પત્ર નં.૧૨૨૬, તા.૩૧/૦૮/૨૦૧૮થી સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોન/ખાતાના અપીલ અધિકારી સહિત અત્રેના મ્યુનિ. લાયબ્રેરી વિભાગને તબદીલ કરેલ. જે અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૦૬/૦૯/૨૦૧૮ થી અત્રે નોંધાયેલ હતી.

જે અન્વયે શ્રી એમ. બી. પટેલ, સીની.કલાર્ક અને જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમયમર્યાદામાં માહિતી આપેલ હોવાનું જણાવેલ.

**હુકમ**

અરજદારની મૂળ અરજી, પ્રથમ અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં, પ્રથમ અપીલ અરજી નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/૦૨, તા.૦૬/૦૯/૨૦૧૮ બાબતે પાછળના પાનામાં જણાવ્યા મુજબનો હુકમ કરી, પ્રથમ અપીલનો નિકાલ કરવામાં આવે છે.

..૨..

'અરજદારશ્રી પીંકલ પી. ઘીવાળાની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતીઓ પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારશ્રીને નિયત સમયમર્યાદામાં જવાબી પત્ર પાઠવવામાં આવેલ હોય, જે ધ્યાને લેતા પ્રથમ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.'

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર. ટી. આઈ. એકટનાં કાયદાની કલમ ૧૯ (૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન", બ્લોક નં. ૧, બીજોમાળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમથી દિન –૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

સહી/–
(વિ. પી. પીલુદરીયા)
એપેલેટ ઓફિસર અને ગ્રંથપાલ
ક.ન.મ.પુસ્તકાલય
સુરત મહાનગરપાલિકા

નં.ન.મ.પુ./આર.ટી.આઈ./અપીલ/જા./૦૨
તા.૨૫/૦૯/૨૦૧૮

પ્રતિશ્રી,

(૧) ન. ર. : શ્રી પીંકલ પી. ઘીવાળા, ૨૧, ન્યુ ગોકુલ રો–હાઉસ, સી.કે.પાર્કની પાસે, હનીપાર્ક રોડ, સુરત–૩૯૫૦૦૫ પ્રતિ, જાણ સારૂ.....

(૨)ન.સા.ર. : અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (વેસ્ટ ઝોન) પ્રતિ, જાણ સારૂ.....

(૩) ન. ર. : જાહેર માહિતી અધિકારી અને બીજી શ્રેણી કલાર્કશ્રી બી. એમ. ગજજર, પ્રતિ, જાણ સારૂ.....